જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૧૪/૧૦/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૦૭૬/૧૫

## પરપ્રાન્તમાં ચોરી કરતી છારા ગેંગના સભ્યને ચોરીની રોકડ રકમ ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ક્રાઇમ બ્રાન્ચના મ.પો.કમિ.શ્રીએ મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના અન્વયે પો.ઈન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓના સ્કોડના પો.સ.ઇ. ડી.એસ.ગોહિલ તથા સી.બી.ચૌધરી તેમજ સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.વિક્રમસીંહ ને મળેલ ચોકકસ બાતમી આધારે આરોપી રોહીત ઉર્ફે કાળુ ડ/o દલપત ઘમંડે ઉવ.૨૫ રહે.સીંગલ ચાલી, મોટવાણીના બંગ્લા સામે, છારાનગર, કુબેરનગર, સરદારનગર અમદાવાદ નાને તા.૧૩.૧૦.૨૦૧૫ ના કલાક ૧૯.૧૫ વાગે પકડી અટક કરેલ છે.સદરી ઇસમ પાસેથી રોકડ નાણાં રુ.૩,૦૦,૦૦૦.૦૦ મળી આવતા જે બાબતે તેની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય સદર રોકડ રકમ કબ્જે લઇ કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.સદરીની પુછપરછમાં પોતે તથા પોતાના સાગરીતો સાથે મળી અહમદનગર મહારાષ્ટ્રના શ્રીરામપુર પો.સ્ટે.વિસ્તારમાં એક કાર ચાલકને તેની કારમાં પંચર પડેલ છે તેમ કહી ઉભો રાખી તેની કારમાંથી રોકડ રકમ ભરેલ થેલીની ચોરી કરી લીધેલ હોવાની હકિકત જણાવતા આ બાબતે ખાત્રી તપાસ કરી કરાવતા મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લાના શ્રીરામપુર પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૮૩/૨૦૧૫ ઇપીકો ૩૭૯, ૩૪, મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનો શોધી કાઢેલ છે. આ ઉપરાંત આરોપીએ પોતાના સાગરીતો સાથે ભેગા મળી

૧. ઔરંગાબાદ સીટી ફ.ગુરનં.૪૨૬/૧૫, મા ગયેલ રોકડ રુ.૧૪ લાખ

૨. નાસીક સીટી ભદ્રકાલી પો.સ્ટે.ફ.ગુરનં.૩૫૯/૧૫ માં ગયેલ રોકડ રુ.૨૦,૦૦૦ તથા લેપટોપ

૩. નાસીક સીટી અડગૉવ પો.સ્ટે.ફ.ગુરનં.૧૬૬/૧૫ મા ગયેલ રોકડ રુ.૨૦,૦૦૦.૦૦

૪. નાસીક સીટી પંચવટી પો.સ્ટે.ફ.ગુરનં.૩૭૩/૧૫ મા ગયેલ રોકડ રુ.૨,૩૦,૦૦૦.૦૦

૫. નાસીક સીટી પંચવટી પો.સ્ટે.ફ.ગુરનં.૩૭૨/૧૫ મા ગયેલ રોકડ રુ.૪૦,૦૦૦.૦૦ તથા સોનાના દાગીનાઓ

૬. નાસીક સીટી પંચવટી પો.સ્ટે.ફ.ગુરનં.૩૭૦/૧૫ મા ગયેલ રોકડ રુ.૨૪,૩૦૦.૦૦ તથા સોનાના દાગીનાઓ

૭. નાસીક સીટી પંચવટી પો.સ્ટે.ફ.ગુરનં.૩૬૮/૧૫ મા ગયેલ રોકડ રુ.૪,૧૫,૦૦૦.૦૦

૮. નાસીક સીટી ગંગાપુર પો.સ્ટે.ફ.ગુરનં.૧૮૯/૧૫ મા ગયેલ રોકડ રુ.૨૨,૦૦૦.૦૦ તથા સોનાના દાગીનાઓ.

પકડાયેલ આરોપીને મહારાષ્ટ્ર પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સુરતમાં હિરા બજારમાં લુંટ કરવાના ઇરાદે ચોરી કરેલ બાઇક સાથે રાજસ્થાનના બે યુવકોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

ક્રાઇમ બ્રાન્ચના મ.પો.કમિ.શ્રીએ મિલ્કત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચના અન્વયે પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓના સ્કોડના હે.કો.ઘનશ્યામભાઇ તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.ઘનશ્યામભાઇને મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપીઓ (૧) અજયકુમાર રાણારામજી ચૌધરી ઉવ.૩૫, ધંધો વેપાર, રહે.ગામ ટાંપી, તા.સાંચોર, જી.ઝાલોર, રાજસ્થાન (૨) ઇસારામ હિમતારામ માળી ઉવ.૨૨ રહે.ગામ ટાંપી, તા.સાંચોર, જી.ઝાલોર રાજસ્થાન નાઓને તા.૧૪.૧૦.૨૦૧૫ ના કલાક ૧૫.૦૦ વાગે પકડી અટક કરેલ છે.સદરી ઇસમો પાસેથી એક હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર જીજે ૦૫ એચએલ ૭૭૬૫ કિં.રુ.૧૫૦૦૦.૦૦ નુ મળી આવતા જે સબંધે સદરી બન્નેની પુછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપતા ન હોય સદર મો.સા.ના એન્જીન તથા ચેસીસ નંબર આધારે એકલવ્ય સોફટવેર મારફતે ચકાસતા સદર બાઇક સુરત શહેરના ઉમરા પો.સ્ટે.વિસ્તારમાંથી ચોરી થયેલ હોવાનું અને આ બાબતે સુરત શહેર ઉમરા પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૧૫/૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો વાહન ચોરીનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનો શોધી કાઢેલ છે.પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ આ બાઇક સુરત ખાતે રહેતા શામળાભાઇ ચૌધરી ની મદદથી રાહુલરાજમોલ પાસેથી આ બાઇક ચોરી કરેલ અને તે બાઇક ઉપર હિરાબજારમાંથી લુંટ કરવાનો પ્લાન બનાવેલ હતો.પરંતુ પ્લાન સફળ નહીં જતા આ બાઇક લઇ રાજસ્થાન તરફ જઇ રહેલ હતા તે દરમ્યાન પકડાઇ જવા પામેલ છે.

ઉપરોક્ત પકડાયેલ બન્ને ઇસમોને સુરત શહેરના ઉમરા પો.સ્ટે.ને સોંપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## અમદાવાદ શહેર ના શાહીબાગ પો.સ્ટે.ના ગેરકાયદેસર હથીયાર રાખવાના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ નાસતા ફરતા આરોપીઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે શાહીબાગ પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં ૩૧૬૫/૧૫ આર્મ્સ એકટ કલમ ૨૫(૧) બી,એ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપી સૌમીલ @ સીટુ સ/ઓ સંજયભાઇ ક્રિશ્ચીયન ઉ.વ. ૨૬ રહે. મ.નં.૧૫, શ્રીનાથજી સોસાયટી, ગેરતપુર રેલ્વે સ્ટેશનની બાજુમાં,ગેરતપુર તા. દસક્રોઇ જી. અમદાવાદ નાને પકડી પાડવામાં આવેલ અને સદરી આરોપીની પુછપરછ દરમ્યાન પોતે આ ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરતો હોઇ આરોપીને આગળની વધુ તપાસ માટે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આરોપીની પુછપરછ દરમ્યાન આરોપી અગાઉ શહેરકોટડા પો.સ્ટે. ખાતે ખુનકેસમાં તથા લુંટના ગુનાઓમાં તેમજ ક્રાઇમ બ્રાંચ ખાતે ગેરકાયદેસર હથીયાર રાખવાના ગુનામાં બે વાર પકડાઇ ચુકેલ છે. આરોપી બે વખત પાસા હેઠળ સજા કાપી ચુકેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## જમાલપુર દરવાજા ખાતે રહેતી યુવતીને સવા એક વર્ષ પહેલા અપહરણ કરી મર્ડર કરેલ જે ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ

ગઈ તા.૩/૩/૨૦૧૪ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે જાકીરહુસેન ઉર્ફે સાજીદ સાબીરભાઈ સૈયદ ઉ.વ. ૨૧ રહે. ખાનજહાન દરવાજા ની અંદર મસ્જિદની સામે બાલાપીરની દરગાહ ની બાજુમાં જમાલપુર અમદાવાદ નાને તેના ઘરેથી તેના મિત્રો અજગરઅલી અબ્બાસઅલી શેખ તથા ઈમરાન સિકંદરખાન પઠાણ નાઓ સાથે અજમેર દરગાહ જવાનુ કહીને ઘરેથી તેઓ સાથે ગયેલ જેથી આ કેસની ઝીણવટભરી તપાસ કરવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રાઈમબ્રાન્ચને તા.૨૬/૯/૨૦૧૫ ના રોજ તપાસ સોંપેલ. જેની ખંતપુર્વક તપાસ કરવા સારુ શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓને સોંપેલ. અને આ કામે જાકીરહુસેન ઉર્ફે સાજીદનુ અપહરણ કરેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાઈ આવતાં તા.૨૭/૯/૨૦૧૫ ના રોજ તેની માતા સમસાદબાનુએ ફરીયાદ આપતાં આરોપીઓ વિરૂધ્ધ ડી.સી.બી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૩/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૬૫,૧૧૪ મુજબનો ગુનો નોંધેલ આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) અજગરઅલી અબ્બાસઅલી શેખ ઉ.વ.૩૨ રહે; ૨૨ જે.પી કવાટર્સ જમાલપુર એ.એમ.ટી.એસ ઓફીસ ની સામે જમાલપુર અમદાવાદ શહેર તથા (૨) ઈમરાનખાન સિકંદરખાન પઠાણ ઉ.વ. ૩૩ રહે. બ્લોક નં. ૨ રૂમ નં.૨૪ જે.પી. કવાટર્સ જમાલપુર ચાર રસ્તા જમાલપુર અમદાવાદ નાઓને તા.૩૦/૯/૨૦૧૫ ના રોજ અટક કરેલ અને કોર્ટમાંથી દિન-૧૩ ના રીમાન્ડ મેળવેલ. સદર આરોપીઓને રીમાન્ડ દરમ્યાન પુછપરછ કરતાં આરોપીઓએ આ જાકીરહુસેન ઉર્ફે સાજીદનુ તેઓએ જમાલપુર ખાતેથી અપહરણ કરી લઈ જઈ ઉતરાખંડના રૂડકી પાસેના સાબીરપીયા કલીયર શરીફ દરગાહ પાસેથી પસાર થતી ગંગા નંદીની કેનાલમાં ફેંકી મોત નિપજાવેલ. જે જગ્યાએ આરોપીઓને સાથે રાખી તપાસ કરતાં આ કામના આરોપીઓ ની હાજરી બાબતે કલીયર શરીફની દરગાહની આજુબાજુ આવેલ હોટલો, ગેસ્ટ હાઉસનુ ચેકીંગ કરતાં આ કામના આરોપીઓ અજગરઅલી તથા ઈમરાનખાન સાથે ફઈજાબાનુ નામની છોકરી તા.૪/૮/૨૦૧૪ ના રોજ રોકાયેલ હોવાની વિગત જાણવા મળતા જે આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓએ આશરે બે સવા બે વર્ષ પહેલા જમાલપુર દરવાજાની અંદર રહેતી ફઈજા ઉર્ફે સના અલ્તાફ લાલોડીયા (ઘાચી) રહે વાંકાનેરવાળી છોકરી જે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે વર્ષ ૨૦૧૨ ની સાલમાં બળાત્કારમાં મદદગારીના એક કેસમાં પકડાયેલ હતી. જે ઈમરાન સાથે સંપર્કમાં આવતાં તેની સાથે સબંધ થયેલો અને આ ફઈજા ઈમરાન પાસે વધુને વધુ પૈસાની માગણી કરતી હોય તેમજ તેને માનસિક રીતે પણ હેરાન કરતી હોય અને ઈમરાન પરણીત હોય તેને બદનામ કરી દેવાની ધમકીઓ આપતી હોય જેનાથી ઈમરાન કંટાળી ગયેલ હોય અજગરઅલી તથા ઈમરાન બન્ને જણા તેને કેનાલમાં ધક્કો દઈ મારી નાખેલ હોવાનુ જણાવેલ. જે બાબતે જમાલપુર દરવાજા ખાતે તેના સગા સબંધી બાબતે તપાસ કરતાં ત્યાં કોઈ મળી આવેલ ન હોય આ ફઈજા ઉર્ફે સના જેને માસી કહેતી હતી તે સાયરા દાઉદભાઈ ગુલાબભાઈ સમા (શેખ) નાઓએ આ બાબતે ફરીયાદ આપતાં આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ પો.ઈન્સ.શ્રી જે.એસ ગેડમ નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)